NHS WALES GIG CYMRU

# બાળજન્મ પહેલાનાં સ્ક્રિનીંગ પરીક્ષણનો પરિચય

## ગર્ભાવસ્થામાં આપની પસંદગીઓ

આપની ગર્ભાવસ્થા દરમિયાન આપને ઘણાં અલગ અલગ સ્ક્રિનીંગ પરીક્ષણોની ઑફર કરવામાં આવશે. આ પત્રિકા બાળજન્મ પહેલાનાં સ્ક્રિનીંગ અને પરીક્ષણ વિશે અગત્યની માહિતી ધરાવે છે. આ પત્રિકામાંની માહિતી આપને એ નક્કી કરવામાં મદદ કરશે કે કેટલાંક અથવા બધાં જ પરીક્ષણો કરાવવા કે નહીં. પરીક્ષણો વિશે આપને આપની દાયણ અને ડૉક્ટર સાથે વાત કરવાની તક મળશે.

NHS બધા પરીક્ષણોનાં પરિણામો ગુપ્ત રાખે છે. કેટલાં લોકો આપના પરીક્ષણનાં પરિણામોની પહોંચ ધરાવી શકશે તે અંગે હૉસ્પિટલની નીતિઓ અલગ અલગ હોય છે. આપને લાગુ પડતી સ્થાનિક વ્યવસ્થાઓ અંગે આપની દાયણ આપને સમજાવી શકશે.

આપનો NHS નંબર આપના માટે ખાસ અનોખો છે અને આ નંબર આપને NHSની કમ્પ્યૂટર સિસ્ટમ પર ઓળખે છે. જો આપ આપના NHS નંબરની નકલ ધરાવતા હો તો કૃપા કરીને જ્યારે આપ આપની પ્રસૂતિની કાળજી માટે પ્રથમ વખત દાયણને મળો અથવા હૉસ્પિટલમાં જાઓ ત્યારે આ નંબર તૈયાર રાખો.

## સ્ક્રિનીંગ પરીક્ષણો શું છે?

**સ્ક્રિનીંગ પરીક્ષણો** કેટલીક એવી પરિસ્થિતિઓને પારખવામાં મદદ કરી શકે છે જે આપ કે આપના શિશુને અસર કરી શકે છે. આપને કે આપના શિશુને અસર થઈ છે તે તેઓ ચોક્કસપણે બતાવતી નથી. આપ કે આપના શિશુને અસર થઈ છે તેની શક્યતા શું છે તે તેઓ બતાવે છે.

જો સ્ક્રિનીંગ પરીક્ષણનું પરિણામ બતાવતું હોય કે આપને ચોક્કસ સમસ્યા થવાની શક્યતા વધારે છે તો આપને નિદાનાત્મક પરીક્ષણ આપવામાં આવશે. નિદાનાત્મક પરીક્ષણો વધુ ચોક્કસ પરિણામો આપે છે પરંતુ કેટલાંક પરીક્ષણોમાં કસુવાવડનું જોખમ હોય છે. આ કારણસર, તેઓ માત્ર એવી મહિલાઓને જ આપવામાં આવે છે જેમને સમસ્યા હોવાની શક્યતા વધારે હોય.

બધા તબીબી પરીક્ષણોની જેમ સ્ક્રિનીંગ અને નિદાનાત્મક પરીક્ષણો 100% ચોક્કસ નથી.

## કયા પરીક્ષણો ઉપલબ્ધ છે?

આપને નીચેના સ્ક્રિનીંગ પરીક્ષણો ઑફર કરવામાં આવશે.

### સામાન્ય રીતે 11થી 13 અઠવાડિયાની વચ્ચે

**નીચેની બાબતો જોવા માટે અલ્ટ્રાસાઉન્ડ સ્કેનઃ**

- આપને કેટલાં અઠવાડિયાનો ગર્ભ છે;
- બાળકનું હૃદય ધબકી રહ્યું છે કે કેમ; અને
- ગર્ભમાં આપને એકથી વધુ બાળક છે કે કેમ.

Information for Women

© Velindre NHS Trust

## શરૂઆતની ગર્ભાવસ્થામાં, સામાન્ય રીતે 13 અઠવાડિયા પહેલાં

### નીચેની બાબતો પારખવા માટે આપને લોહીનાં પરીક્ષણોની ઑફર કરવામાં આવશેઃ

- ચેપ જેનાથી આપના શિશુને નુકસાન થઈ શકે, તે એચઆઈવી, હિપેટાઈટિસ બી અને સિફિલિસ છે;
- આપનું બ્લડ ગ્રુપ અને રહેસસ ગ્રુપ અને આપના લોહીમાં કોઈપણ પ્રતિદ્રવ્યો છે કે નહીં તે;
- લોહીની કેટલીક વ્યાધિઓ જે વારસામાં મળી હોય, જેમ કે સિકલ સેલ અને થેલેસ્સેમિયા; અને
- જો રુબેલા (જર્મન ઓરી) સામે આપ રક્ષિત હો.

આ બધા પરીક્ષણો એક જ સમયે લઈ શકાય છે. કયા પરીક્ષણો કરવામાં આવે તે આપ પસંદ કરી શકો છો. પરીક્ષણો ક્યાં કરી શકાય તે આપની દાયણ આપને કહેશે.

## 15થી 18 અઠવાડિયા

### ડાઉન્સ સિન્ડ્રોમ માટે પરીક્ષણ

ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતું શિશુ આપને અવતરે તેની શક્યતા જાણવા માટે આપ લોહીનું પરીક્ષણ કરાવી શકો છો. પરીક્ષણ ગર્ભાવસ્થાનાં 15 અઠવાડિયાથી થઈ શકે છે.

## 18થી 20 અઠવાડિયાઓ પર

આપનું શિશુ જે રીતે વિકસી રહ્યું છે તે અંગે આપને કોઈપણ સમસ્યા છે તે જોવા માટે આપ અલ્ટ્રાસાઉન્ડ કરી શકો છો.

### આપ પરીક્ષણો કરાવવા માંગો છો કે નહીં તે નક્કી કરવું

કયા પરીક્ષણો કરાવવા તે નક્કી કરવું મુશ્કેલ હોઈ શકે છે. કેટલીક મહિલાઓ જાણવા માંગતી નથી કે તેઓને એવો કોઈપણ ચેપ છે જેનાથી શિશુને અસર થઈ શકે અથવા શિશુનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે તે અંગે કોઈપણ સમસ્યાઓ છે કે કેમ તે કેટલીક મહિલાઓ જાણવા માંગતી નથી. અન્ય મહિલાઓ જાણવા માંગે છે જેથી તેઓ તેમના શિશુઓનું ચેપ સામે રક્ષણ કરી શકે અથવા જો શિશુ સાથે મોટી સમસ્યાઓ હોય તો તેઓ વિચારી શકે કે તેઓ ગર્ભાવસ્થાનો અંત લાવવા માંગે છે કે કેમ.

આપ નક્કી કરો તે પહેલાં આપનો સમય લો. આપ આપની દાયણ અને ડૉક્ટર સાથે પરીક્ષણો વિશે વાત કરી શકો છો અને આપને હોઈ શકે તેવા કોઈપણ પ્રશ્નો પૂછી શકો છો. પ્રત્યેક પરીક્ષણ વિશે વધુ માહિતી સાથે આ પૅકમાં પત્રિકાઓ પણ ઉપલબ્ધ છે.

આપ કયા પરીક્ષણો કરાવવા માંગો છો તે આપે પસંદ કર્યા બાદ દાયણ આપના માટે વ્યવસ્થાઓ કરશે. તે આપને એ પણ સમજાવશે કે આપ પરિણામો કઈ રીતે મેળવશો. બધા સ્ક્રિનીંગ પરીક્ષણોનાં પરિણામો ગુપ્ત છે.

Information for Women

© Velindre NHS Trust

## જો આપ આપનો વિચાર બદલો તો

આપ આપની પસંદગી ઓ વિશે આપનો વિચાર બદલી શકો છો.

જો આપ પરીક્ષણ કરાવવાનું નક્કી કરો અને આપ પરીક્ષણ કરાવો તે પહેલાં આપનો વિચાર બદલો તો કૃપા કરીને આપની દાયણને કહેવાનું યાદ રાખો જેથી તે આપની પ્રસૂતિનાં રેકર્ડમાં નોંધ કરી શકે.

## આપની ગર્ભાવસ્થા દરમિયાનની સ્ક્રિનીંગની પસંદગીઓ

આપ કયા પરીક્ષણો કરાવવા માંગો છો તેના વિશે આપની પસંદગીઓનો રેકર્ડ કરવા માટે કૃપા કરીને આ પત્રકનો ઉપયોગ કરો (ગર્ભાવસ્થા દરમિયાનની સ્ક્રિનીંગની પસંદગીઓ).

| **પરીક્ષણ** | **હા,** મને આ પરીક્ષણ કરાવવામાં રસ છે. | **ના,** આ પરીક્ષણ કરાવવામાં મને રસ નથી. | **મને ખબર નથી.** મને વધુ માહિતી જોઇએ છે. |
|---|---|---|---|
| ગર્ભાવસ્થાની શરૂઆતમાં અલ્ટ્રાસાઉન્ડ સ્કેન | | | |
| એચઆઈવી માટે સ્ક્રિનીંગ | | | |
| હિપેટાઈટિસ બી માટે સ્ક્રિનીંગ | | | |
| સિફિલિસ માટે સ્ક્રિનીંગ | | | |
| રૂબેલા માટે સ્ક્રિનીંગ | | | |
| બ્લડ ગ્રુપ અને પ્રતિદ્રવ્યો માટે સ્ક્રિનીંગ | | | |
| સિકલ સેલ અને થેલેસેમિયા માટે સ્ક્રિનીંગ | | | |
| ડાઉન્સ સિન્ડ્રોમ માટે સ્ક્રિનીંગ | | | |
| ગર્ભમાં અનિયમિતતા માટેનું અલ્ટ્રાસાઉન્ડ સ્કેન | | | |

## પકૃપા કરીને યાદ રહે કેઃ

- આપ કયા પરીક્ષણો કરાવવા માંગો છો તેની આપ પસંદગી કરશો;
- આપ સંમત ન થાઓ તે સિવાય કોઇપણ પરીક્ષણ કરાવવામાં આવશે નહીં; અને
- જો આપ પરીક્ષણ માટે ન આવો તો આપને રિમાઈન્ડર મોકલવામાં આવશે નહીં.

Information for Women

© Velindre NHS Trust

## વધુ માહિતી માટે

આપના ફોલ્ડરમાં આપની પાસે નીચે બાબતની પત્રિકાઓ હોવી જોઇએઃ

- ચેપ અને ગર્ભાવસ્થા;
- આપનું બ્લડ ગ્રુપ અને ગર્ભાવસ્થા;
- ગર્ભાવસ્થામાં અલ્ટ્રાસાઉન્ડ સ્કેન;
- ગર્ભાવસ્થામાં ડાઉન્સ સિન્ડ્રોમ માટે સ્ક્રિનીંગ; અને
- ગર્ભાવસ્થામાં સિકલ સેલ અને થેલેસેમિયા માટે સ્ક્રિનીંગ.

આપ સ્ક્રિનીંગ પરીક્ષણો વિશે વધુ માહિતી આપની દાયણ કે આપના હૉસ્પિટલનાં ડૉક્ટર (આપના ઑબ્સ્ટેટ્રિશિયન) પાસેથી તથા www.antenatalscreening.org ખાતે એન્ટીનેટલ સ્ક્રિનીંગ્ઝ વેલ્સ વેબસાઈટ ખાતેથી પણ મેળવી શકો છો.

CARIS એ વેલ્શ કોન્જેનિટલ એનોમલી રજીસ્ટર એન્ડ ઈન્ફર્મેશન સર્વિસ છે.

ગર્ભાવસ્થામાં બાળકોનો જે રીતે વિકાસ થાય છે તે અંગેની સમસ્યાઓ વિશે CARIS માહિતી એકત્ર કરે છે. આ સમસ્યાઓને જન્મ સમયની અનિયમિતતાઓ, દોષયુક્ત રચના કે જન્મની ખામીઓ કહેવામાં આવે છે. તેમાં ડાઉન્સ સિન્ડ્રોમ, હૃદયની ખામીઓ કે ચીરાયેલા હોઠ જેવી સમસ્યાઓનો સમાવેશ થાય છે.

આ પ્રકારની સમસ્યાઓ અને તેના કારણો વિશે જાણવું ખૂબ અગત્યનું છે.

આ સમસ્યાઓ કેટલી સામાન્ય છે તે જાણવા માટે CARIS માહિતીનો ઉપયોગ કરે છે. CARIS જે માહિતી એકત્ર કરે છે તે એ બતાવવામાં પણ મદદ કરે છે કે આવી સમસ્યાઓ ઓળખવામાં સ્વાસ્થ્ય સેવાઓ કેટલી નિષ્ણાંત છે.

જો આપના સ્ક્રિનીંગનાં પરીક્ષણો પરથી શંકા જાય કે આપની ગર્ભાવસ્થા સાથે આ પ્રકારની સમસ્યા છે તો દાયણ અથવા ડૉક્ટર આ અંગેની માહિતી CARISને જણાવશે.

CARIS રજીસ્ટરમાં રહેલી માહિતી કડકપણે ગુપ્ત છે. અમે કોઈપણ વ્યક્તિને આપનું નામ આપીશું નહીં અથવા તે પ્રકાશિત કરીશું નહીં.

જો આપ આપની દાયણ કે ડૉક્ટરને આપના કે બાળક વિશેની માહિતી CARISને આપવામાં આવે તેમ ન ઈચ્છતા હો તો કૃપા કરીને આપની દાયણને કહો અને તેઓ આપની નોંધોમાં આ લખશે અને CARISને કહેશે કે તેઓ આપની માહિતીનો ઉપયોગ કરે તેમ આપ ઈચ્છતા નથી

© કૉપીરાઈટ 2010 પબ્લિક હેલ્થ વેલ્સ NHS ટ્રસ્ટ. સર્વાધિકાર સુરક્ષિત. કૉપીરાઈટ માલિકની પરવાનગી વિના સંપૂર્ણ કે આંશિક રીતે પુનઃઉત્પાદન થઈ શકશે નહીં.

www.antenatalscreening.org
એપ્રિલ 2010
CP 9મી આવૃત્તિ

Information for Women
© Velindre NHS Trust